©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, OCTOBER 23, 2025 / KARTIKA 1, 1947 [No. 43

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક: GHKH/162/2025/ACD/AMR/e-file/2/2025/1112/KH :- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧થી પ્રાપ્ત થયેલ સત્તાધિકારની રૂએ, આથી શ્રી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉધોગ મંડળી લી., (ફડચામાં), મુ. તા. ઉના, જિ. ગીર સોમનાથને સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૬૧ અન્વયે કલમ-૧૧૪(૧)ની જોગવાઈમાંથી તા.૦૭/૦૫/૨૦૨૫ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી મુક્તિ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. બી. જાદવ,

સરકારના ઉપસચિવ.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૫

નં. GHKH/163/2025/ACD/AMR/e-file/2/2024/1432/G:- ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગરના તા.૧૮/૦૭/૨૦૦૦ના હુકમથી ધી જૂનાગઢ રીજીયોનલ તેલિબીયાં ઉત્પાદક સહકારી સંઘ લી., જૂનાગઢને ફડચામાં લઈ જવામાં આવેલ છે. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ સહકારી સંસ્થાને ફડચાના હુકમથી નિયત સમયમર્યાદામાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. પરંતુ સદરહુ સંઘની ફડચાની કાર્યવાહી સમયમર્યાદામાં આટોપી શકાયેલ ન હોવાથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અંતર્ગત આ સંઘની

ફડચાની મુદત વધારી આપવામાં આવેલ. જે અનુસાર છેલ્લે આ વિભાગના તા.૧૫/૦૪/૨૦૨૫ના જાહેરનામાથી સદરહુ સંઘની ફડચાની મુદત તા.૦૧/૦૭/૨૦૨૪ થી તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી વધારી આપવામાં આવેલ હતી. રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજ. રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૨૦/૦૯/૨૦૨૫ના પત્રથી કરેલ દરખાસ્ત સાથે સામેલ ફડચા અધિકારીના તા.૧૯/૦૭/૨૦૨૫ના પત્રની વિગતો અનુસાર સદરહુ સંઘની ફડચાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં આટોપી શકાયેલ નથી.

આથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)(૩)ની જોગવાઇ હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તા અંતર્ગત, ધી જૂનાગઢ રીજીયોનલ તેલિબીયાં ઉત્પાદક સહકારી સંઘ લી., જૂનાગઢ (ફડચામાં)ની ફડચાની બાકી કામગીરી પૂર્ણ કરવા માટે તા.૦૧/૦૭/૨૦૨૫ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધીની મુદત લંબાવવામાં આવે છે. આ વધારેલ સમયમર્યાદામાં ફડચાની કાર્યવાહી પૂર્ણ થાય તેવી પદ્ધતિ અપનાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક: GH/NJ/2025/277/NWRWSKD/PB/e-file/13/2025/6920/Section K3 (N.G.-I.P.) :- ગુજરાત પાણી અને ગેસની પાઈપલાઈન (જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા બાબત) અધિનિયમ-૨૦૦૦ની જોગવાઈઓ હેઠળ, સુજલામ સુફલામ વર્તુળ-૨, મહેસાણાની કનસ્ટ્રક્ટીંગ આર.સી.સી એન.પી.૩-૬૦૦ મીમી પાઈપલાઈન ફોર કનેક્ટીંગ ધરૂખા ટેન્ક (સર્વે નં- ૪૫૮) ઓફ વિલેજ નવાપુરા, તા. ઊંઝા, જિ.મહેસાણા ફ્રોમ પળી કંથરાવી ડ્રેઈન ઓફટેકીંગ ફ્રોમ એસ.એસ.એસ. કેનાલ એટ ચેનેજ:- ૨૨૯.૭૧૦ કિમીની કામગીરી સંદર્ભે કોમ્પીટન્ટ ઓથોરિટીની નિમણૂક.

અધીક્ષક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વર્તુળ-૨, મહેસાણાના તા.૧૫/૦૯/૨૦૨૫ના પત્રાંક: સુસુવ-૨/પીબી-૪/૨૬૫૬/સને-૨૦૨૫ના અનુસંધાને કનસ્ટ્રક્ટીંગ આર.સી.સી એન.પી.૩-૬૦૦ મીમી પાઈપલાઈન ફોર કનેક્ટીંગ ધરૂખા ટેન્ક (સર્વે નં-૪૫૮) ઓફ વિલેજ નવાપુરા, તા. ઊંઝા, જિ. મહેસાણા ફ્રોમ પળી કંથરાવી ડ્રેઈન ઓફટેકીંગ ફ્રોમ એસ.એસ.એસ. કેનાલ એટ ચેનેજ:- ૨૨૯.૭૧૦ કિમીની કામગીરી માટે જે તે જમીન માલીકોના ખેતરોમાં ઊભા પાકોને તેમજ અન્ય નુકસાન થવાની સંભાવના હોવાથી કામગીરીમાં કોઈ અવરોધ ના થાય તે સારૂ પાઈપલાઈનની કામગીરી માટે પાઈપલાઈનની પથરેખામાં આવતી જમીનનો ઉપયોગ કરવા સારૂ વપરાશી હક્કો સંપાદિત કરવા સંદર્ભે જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવાના "ગુજરાત પાણી અને ગેસની પાઈપલાઈન (જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા બાબત) અધિનિયમ-૨૦૦૦" ની જોગવાઈઓ મુજબ રજૂઆતવાળી કામગીરીમાં કૉમ્પિટન્ટ ઑથોરિટી તરીકે "કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૨, વિસનગર" ની નિમણૂક કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. કે. પટેલ,

સરકારના ઉપસચિવ (ઉ.ગુ.).

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.30 18:20:22 IST